# મહાત્મા શ્રી ચારિત્રવિજયજી*

જયારે જયારે કોઈ પણ પ્રજાનું કે સમાજનું આંતરજીવન કાળના પ્રભાવથી કહો યા ગમે તે કારણે કહો, નિર્બળ બને છે, ત્યારે તેને પુનર્જન્મ મેળવવા માટે આરંભમાં મુખ્યપણે આદર્શજીવી મહાન આત્માઓની જીવનકથા તરફ દૃષ્ટિ દોડાવવી પડે છે. અને એ જીવનકથાઓમાંથી જરૂર એવું કોઈ ને કોઈ વિશિષ્ટ પ્રેરણાબળ મળી જ રહે છે કે, જે દ્વારા માનવનો અવનતિના ગર્તમાંથી પુનરુદ્ધાર થઈ શકે. એ જ મુખ્ય કારણસર પ્રાચીન કાળથી ભારતીય પ્રજામાં વિધવિધ રીતે પવિત્ર જીવન ગાળનાર પુણ્યપુરુષોની જીવનકથા લખવાની પરિપાટી ચાલી આવે છે.

આખાય વિશ્વમાં અતિ ચિર કાળથી સ્વાભાવિક રીતે સર્વોપરી પવિત્ર જીવન ગાળનાર પ્રજાના બાહ્ય અને આંતરજીવનનો સર્વોપરી હ્રાસ જોઈ આજે પ્રત્યેકે પ્રત્યેક વિજ્ઞ પુરુષનું હૃદય કંપી ઊઠે છે અને તેથી એ દરેક, પોતાના અને પ્રજાના જીવનનું પુનરુત્થાન થાય એ માટે પોતપોતાથી જેટલો બને તેટલો ફાળો આપવા તૈયારી કરી રહેલ છે. આ રીતે અત્યારે દરેકે દરેક ધર્મ, સમાજ, પ્રજા આદિમાં થઈ ગયેલ જુદા જુદા પ્રકારે શુદ્ધ જીવન જીવનાર મહાપુરુષની સ્મારક ગ્રંથમાળા, લેખમાળા આદિ જે કાંઈ પ્રસિદ્ધ કરવામાં આવે છે એ ખરે જ ઇષ્ટમાં ઇષ્ટ છે.

એકાત્મકરૂપ ભારતીય પ્રજાના અવયવભૂત ગણાતી આપણી જૈન પ્રજા—જેણે એક કાળે આદર્શ જીવન ગાળવાનો માર્ગ રજૂ કરવામાં મોટો ફાળો આપ્યો છે,—અત્યારે બાહ્ય અને આંતરકલહથી એટલી ખરડાઈ ગઈ છે કે, જો તેના પુનરુત્થાન માટે જુદી જુદી રીતે સત્વર ધ્યાન આપવામાં ન આવે તો સાચે જ એ જૈન પ્રજાનું નાવ કયારે, કયાં અને કયા ખડક સાથે અથડાઈને નાશ પામશે એ કલ્પવું ઘણું જ મુશ્કેલ છે. આ સ્થિતિમાંથી જૈન સમાજને ઉગારી લેવા માટે જે મહાનુભાવોએ આ 'ચારિત્રસ્મારક ગ્રંથ' જૈન પ્રજાના કરકમલમાં અર્પણ કરવાનો સંકલ્પ કર્યો છે એને સૌ કોઈ વધાવી લે એમાં સંશય જ ન હોઈ શકે.

પૂજ્યપાદ સ્વર્ગસ્થ શ્રીમાન ચારિત્રવિજયજી મહારાજશ્રીને મેં નાની વયમાં આજથી લગભગ તેત્રીસ વર્ષ પહેલાં વિક્રમ સંવત ૧૯૬૬માં વડોદરા મુકામે જોયેલ તેનું કાંઈ આછું આછું સ્મરણ થાય છે. તે વખતે મારી વય નાની અને દીક્ષા લીધે માત્ર દશ મહિના થયેલા હોઈ તેઓશ્રીનો

---

* 'શ્રી ચારિત્રવિજય'નું (સંપાદક : શ્રી. બાલાભાઈ વીરચંદ દેસાઈ, પ્રકાશક : શ્રી ચારિત્ર સ્મારક ગ્રન્થમાલા, વીરમગામ, સં. ૧૯૯૨) આમુખ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અંગત પરિચય મને થયો છે એમ હું કહી શકું નહિ. ત્યારે આ "સ્મારક ગ્રંથ"માં હું તે મહાપુરુષની કઈ સ્મારકકથા આલેખવાનો, એમ સૌ કોઈને સહેજે શંકા થયા વિના નહિ જ રહે. પણ તેનો ઉત્તર માત્ર એ જ હોઈ શકે કે, મહાપુરુષો સ્થૂલ દેહે મરવા છતાં ગુણો દ્વારા તેઓ જગતમાં સદાય જીવતા હોય છે. એ જ કારણ છે કે, શ્રમણ ભગવાન મહાવીરદેવ, જેઓને અતીત થયે સૈકાઓના સૈકાઓ વહી ગયા તેમ છતાં આજે આખું જગત અને આપણે એ મહાપુરુષને ઓળખીએ છીએ–ઓળખવાનો દાવો કરીએ છીએ અને એના પુનિત નામને અશ્રાન્તપણે જપીએ છીએ. આ જ રીતે હું શ્રીમાન ચારિત્રવિજયજી મહારાજશ્રીને સ્થૂલ દેહે અદૃશ્ય હોવા છતાં ગુણો દ્વારા ઓળખી શકું છું અને આ સ્મારકગ્રંથમાં તે પુરુષના અલ્પસ્વરૂપ ગુણાનુવાદ કરી મારી ભારતીને પવિત્ર કરું છું—કરવા પ્રયત્ન કરી રહ્યો છું.

મહાપુરુષની કિંમત એના સ્થૂલ દેહના આકાર ઉપર, તેના માતા–પિતા ઉપર, જાતિ ઉપર કે દેશ ઉપર: એ કશાય ઉપર નથી. એની કિંમત કે મહત્તા એના આંતરજીવન અને એની કારકિર્દી ઉપર અવલંબેલી છે એટલે હું આપણા સ્મારકગ્રંથનાયક "ચારિત્ર"ને સ્થૂલરૂપે ઓળખતો ન હોઉં અથવા તેમની મુખાકૃતિનું મને સ્મરણ ન હોય એથી એ મહાપુરુષના ગુણાનુવાદ કરવા માટે મને કોઈ પણ પ્રકારનો રોધ થાય તેમ નથી.

પૂજ્યવર શ્રીયુત ચારિત્રવિજયજી મહારાજશ્રી કોણ હતા, ક્યાંના હતા, ઇત્યાદિ કશુંય હું જાણતો નથી. માત્ર એટલું જ જાણું છું કે, તેઓશ્રી પ્રજ્ઞાંશ આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરિ મહારાજના પ્રશિષ્ય હતા. તેમ છતાં એ પુરુષે પોતા પાછળ અવશેષરૂપે મૂકેલ બે વિશિષ્ટ સંભારણાંથી હું તેમને સવિશેષ ઓળખું છું.

એક તો અત્યારે જગત પોતાની આંખે સાક્ષાત જોઈ શકે એવું પાલિતાણાના પાદરમાં આવેલું "યશોવિજય જૈન ગુરુકુલ" જેમાં સંખ્યાબંધ જૈન બાળકો વિશિષ્ટ જ્ઞાનનો વારસો મેળવી રહ્યા છે. એની શુભ સ્થાપના આપણા સ્મારકગ્રંથનાયક "ચારિત્ર"ને હાથે જ થયેલ છે અને એને એઓશ્રીના જ વિદ્વાન શિષ્યો અથાગ પરિશ્રમથી જીવન પૂરી રહ્યા છે. ખરે જ પોતાના ગુરુદેવની શક્તિ અને ઉત્સાહનો અખંડ વારસો એ વિદ્વાન શિષ્યોમાં ઊતરી આવ્યો છે. એથી એ મહાપુરુષમાં રહેલ યોગ્યતાનો આપણને સહેજે સાક્ષાત્કાર થઈ જાય છે.

બીજો પ્રસંગ પાલિતાણાના જલપ્રલયનો છે. એ જલપ્રલયમાં તણાતા સંખ્યાબંધ મનુષ્યોને તેઓશ્રીએ પોતાના જીવનની દરકાર કર્યા સિવાય દૈવી સાહસ દ્વારા બચાવીને અભયદાન આપ્યું હતું. તે પ્રસંગે તેઓશ્રીએ જે સમયસૂચકતા વાપરી હતી એ જૈન મુનિજીવનની શૈલીને શોભાવે તેવી હતી. "સાધુથી કાચા પાણીમાં ઊતરાય નહિ, ગૃહસ્થને બચાવવાથી પાપ લાગે" ઇત્યાદિ આપેક્ષિક જૈન શૈલીનાં વાક્યોને વિકલેન્દ્રિયની માફક પકડી ન રાખતાં વિચારપૂર્વક તેઓશ્રીએ જે કાંઈ કર્યું એથી જૈનશાસ્ત્રની સ્યાદ્વાદ શૈલીને ખચિત જ શોભાવી છે, જૈન આગમનાં એ વાક્યો જડતાભર્યાં નથી પણ કોઈ ગંભીર આશયથી તેમ જ કોઈ દેશ, કાળ, વ્યક્તિ વિશેષને લક્ષીને છે–સાર્વત્રિક નથી એમ સાબિત કરી આપ્યું છે.

જૈન સમાજ એ મહાપુરુષને અને તેમના ગુણોને યાદ કરી તેમના પ્રત્યેના ઋણને અદા કરે તેમ જ એ મહાત્માના ગુણોને જીવનમાં ઉતારવા યત્ન કરે એ જ અંતિમ શુભેચ્છા સાથે એ મહાપુરુષને ૧૦૦૮ વાર વંદન હો.

[ 'શ્રી ચારિત્રવિજય'નું આમુખ, સં. ૧૯૯૨ ]

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org